તા. ૧૪.૦૮.૨૦૨૬

**જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/1 અન્વયે લોકરક્ષક કેડરની દસ્તાવેજ ચકાસણી માટે Qualified ઉમેદવારોની યાદી જાહેર કરવા બાબત**

(૧) તા.૦૮.૦૭.૨૦૨૬ નારોજ જાહેર કરવામાં આવેલ લેખિત પરીક્ષાની Final Answer Key બાબતે ઉમેદવારો તરફથી મળેલ તમામ રજુઆતો ધ્યાને લેવામાં આવેલ છે અને Final Answer Keyમાં કોઇપણ પ્રકારનો ફેરફાર જણાયેલ નથી.

(૨) તા.૧૧.૦૭.૨૦૨૬ના રોજ લેખિત પરીક્ષાના ગુણ વેબસાઇટ પર જાહેર કરવામાં આવેલ હતા.

(3) લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ તથા વધારાના ગુણ (જેવા કે, રમતગમત, વિધવા, NCC "C" સર્ટીફીકેટ તથા રક્ષાશક્તિ/રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી અથવા નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટીના ડીગ્રી/ડીપ્લોમાં અંગેના નિયમોનુસાર મળવાપાત્ર ગુણ) સહિત મેળવેલ કુલ ગુણ મુજબ દસ્તાવેજ ચકાસણીની યાદી તૈયાર કરવામાં આવેલ છે. જો આવા ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણી સમયે નિયમ મુજબ માન્ય પ્રમાણપત્ર ધરાવતા ન હોય તો ઉમેરવામાં આવેલ વધારાના ગુણ રદ્દ થશે જે તમામને બંધનકર્તા રહેશે.

(૪) અનામત કેટેગીરીના જે ઉમેદવારોએ ઉંમરનો અથવા ST કેટેગીરીના ઉમેદવારોએ ઉંમર અથવા ઉંચાઇનો લાભ લીધેલ ન હોય અને જનરલ કેટેગીરીના કટ-ઓફ કે તેથી વધુ ગુણ ધરાવતા હોય તેવા ઉમેદવારોનો જનરલ કેટેગીરીની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(૫) ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં, તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે તો કોઇપણ તબકકે તે રદ થવા પાત્ર રહેશે.

(૬) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડમાં ઉપયોગ કરવામાં આવેલ CCTV કેમેરા રેકોર્ડીંગની ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(૭) સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૮) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૭/૦૨/૨૦૨૪, ઠરાવ ક્રમાંકઃ GHG/21/2024/MHK/1010/ 1393/C થી ઠરાવેલ પરીક્ષા નિયમોના મુદ્દા નંબર ૮(૭) માં જણાવ્યા મુજબ ખાલી જગ્યાના બે ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવા જણાવેલ છે.

(૯) પ્રથમ તબકકામાં સામાન્ય કેટેગીરીમાં ખાલી જગ્યાના બે ગણા ઉમેદવારોને અને અનામત કેટેગીરીમાં ખાલી જગ્યાના એક ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવનાર છે. જો જરૂર જણાશે તો વધુ ઉમેદવારોને પછીથી બોલાવવામાં આવશે.

(૧૦) લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં Part-A અને Part-B માં અલગ અલગ ૪૦ ટકા ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોની સંખ્યા કુલ-૩૯૨૨૫ છે.

(૧૧) કુલ-૧૨૭૩૩ ખાલી જગ્યા માટે પ્રથમ તબકકામાં કુલ-૧૮૩૨૨ ઉમેદવારો દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ છે.

**<u>દસ્તાવેજ ચકાસણી માટે કેટેગીરીવાઇઝ કટ-ઓફ નીચે મુજબ છે.</u>**

| **કેટેગીરી** | **પુરૂષ ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ** | **મહિલા ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ** | **દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ કુલ ઉમેદવારોની સંખ્યા** |
|---|---|---|---|
| GENERAL | 125.00 | 104.75 | 10901 |
| EWS | 114.50 | 80.50 | 1301 |
| SEBC | 119.25 | 98.50 | 3270 |
| SC | 113.75 | 94.50 | 886 |
| ST | 95.75 | 84.50 | 1923 |

માજી સૈનિક ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ લોકરક્ષક કેડરના પરીક્ષા નિયમો મુજબ Part-A અને Part-B માં અલગ અલગ ૪૦ ટકા ગુણ મેળવેલ છે તેવા તમામ ૪૧ માજી સૈનિક ઉમેદવારોનો દસ્તાવેજ ચકાસણી માટે ઉપરોકત સંખ્યામાં સમાવેશ કરવામાં આવેલ છે.

- પુરૂષ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **<u>અહી કલીંક કરો..</u>**
- મહિલા ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **<u>અહી કલીંક કરો..</u>**
- માજી સૈનિક ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **<u>અહી કલીંક કરો..</u>**

<u>નોંધ</u>: દસ્તાવેજ ચકાસણી અંગેની વિગતો ટુંક સમયમાં વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવશે. જેની તમામે નોંધ લેવા વિનંતી છે.